BUSINESS મિત્ર

IT શેરોની નબળાઈથી સેન્સેક્સ તૂટ્યો

નિફ્ટી એકસપાયરીના પગલે શેરબજારમાં વોલેટાલિટી રહી

શેરબજાર લાલ નિશાનમાં છતાં સ્મોલકેપ શેરોની આગેવાનીએ રોકાણકારોએ રૂ. 1.86 લાખ કરોડની કમાણી કરી

રૂપિયો વધુ 11 પૈસા ઘટ્યો

ફોરેક્સ બજાર

ડોલર	94.66 રૂ.
યુરો	107.56 રૂ.
પાઉન્ડ	124.55 રૂ.
યેન	0.5829 રૂ.

કરન્સી બજારમાં ડોલરમાં મજબૂતાઇ આગળ વધી હતી. ક્રુડ ઓઇલના ભાવ વધ્યા હોવાથી ડોલરમાં મજબૂતાઇ જોવાઇ હતી. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 11 પૈસા તૂટીને 94.66ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.55ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.56, પાઉન્ડ 1224.55, કેનેડિયન ડોલર 66.66, ઓસ્ટ્રેલિયન ડોલર 65.31, જાપાનીઝ યેન 0.5829 અને સીંગાપોર ડોલર 73.37ના સ્તરે બંધ રહ્યા હતા.

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 29: ભારતીય શેરબજાર સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જે પ્રારંભિક સુધારો ગુમાવી દીધો હતો. આજે સેન્સેક્સ 700 પોઈન્ટથી વધુ તુટી ગયો હતો, જ્યારે નિફ્ટી 24850 પોઈન્ટ આવી ગયો હતો. જોકે, સ્મોલકેપ શેરોએ બજારને એવી રીતે હેન્ડલ કર્યુ હતું કે રોકાણકારોની સંપત્તિમાં વધારો થયો હતો. બ્રોડર લેવલ પર થોડું અલગ વાતાવરણ હતું અને મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સુધારો જોવાયો હતો. જેથી રોકાણકારોએ રૂ. 1.86 લાખ કરોડની કમાણી કરી હતી.

દોહામાં યુએસ અને ઈરાન વાટાઘાટોની આસપાસની અનિશ્ચિતતા રહી હતી. આ ઉપરાંત, આઈટી શેરોની નબાઈએ રોકાણકારોની સેન્ટિમેન્ટ પર ભાર મુક્યો હતો. રોકાણકારોએ આગામી જુન ક્વાર્ટરની કમાણી સીઝન પર ધ્યાનકેન્દ્રિત કર્યુ હતું. જોકે, એનએસઇ મંથલી એકસપાયરીના કારણે વોલેટાલિટી રહી હતી.

વૈશ્વિક તણાવ રહેતા બ્રેન્ટ ક્રુડ 0.51 ટકા વધીને 74.29 ડોલર પ્રતિ બેરલ વધ્યા હતા. જ્યારે ડોલર સામે રૂપિયો નીચા સ્તર પર બંધ રહ્યો હતો. આ દરમ્યાન આઈઆઈપીના ઝડપી અંદાજ અનુસાર મે મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદન 5.1 ટકા સુધી પહોંચી ગયું હતું. જે એપ્રિલમાં 4.9 ટકા રહ્યું હતું.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 2.73 ટકા ઘટ્યો હતો, જેમાં એલટીઆઈએમ, ટીસીએસ, ઈન્ફોસીસ, વિપ્રો, એચસીએલ ટેકનો, ટેક મહિન્દ્રા, એમફાસીસ, કોફોર્જ અને ઓરેકલ ફાઈ. સર્વિસસ સોફ્ટવેર ઘટ્યો હતો.

સેકટર વાઇઝ જોઇએ તો આઈટી શેરોમાં દબાણ રહ્યું હતું. અને સેન્સેક્સના ત્રીજા અગ્રણી આઈટી શેરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, રિયલ્ટી સેકટરમાં સુધારો જવાયો હતો. નિફ્ટી ઓટો ગ્રીન ઝોનમાં બંધ રહ્યો છે, જે અડધા ટકાથી વધુના ઘટાડાથી રિકવર થયો હતો.

બીએસઈ સેન્સેક્સ 249.70 પોઈન્ટ એટલે કે 0.33 ટકા ઘટીને 76478.67 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77037 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76329 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24035 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23829 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 184.45 પોઈન્ટ એટલે કે 0.32 ટકા ઘટીને 57542.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે રેઈનબો ચીલ્ડ્રન્સ મેડિકેરમાં 48.56 ગણા, કેપ્રી ગ્લોબલમાં 6.6 ગણા, કેનફિન હોમ્સમાં 4.7 ગણા, આઈશર મોટર્સમાં 2.31 ગણા અને ઓલા ઈલે.માં 1.93 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કેઈસી ઈન્ટરનેશનલમાં 6.09 ગણા, કેન ફિન હોમ્સમાં 6 ગણા, વિજયા ડાયગ્નોસ્ટીકમાં 4.64 ગણા, વ્હલપુર્લ ઈન્ડિયામાં 4.18 ગણા, અને ઓલા ઈલે.માં 4.11 ગણા કામકાજ નોધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો રહ્યો હતો. જોકે, ફ્રન્ટલાઈન શેરોને પાછળ છોડી દીધા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.45 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.51 ટકા સુધારો જોવાયો હતો. માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઈ 2349 શેરો વધ્યા હતા, જ્યારે 1884 શેરો ઘટ્યા હતા, જ્યારે 195 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર્સ 105 પોઈન્ટ સુધારા સાથે ચાલી રહ્યો છે. જેનાથી યુએસ શેરો માટે સકારાત્મક શરૂઆતનો સંકેત આપે છે. રોકાણકારોએ આર્થિક ડેટાના ભારે સ્લેટ અને વૈશ્વિક મધ્યસ્થ બેન્કના અધિકારીઓના હાઈ પ્રોફાઈલ નિવેદનથી યુરોપિયનબજારો સુધારા સાથે આગળ વધ્યા હતા.

બ્રિટનનું અર્થતંત્ર 2026ના પ્રથમ કવાર્ટરમાં મજબૂત ગતિએ વિસ્તર્યુ હતું. સત્તાવાર આંકડાએ પુષ્ટિ કરી હતી. જોકે, યુએસ અને ઈરાન સંઘર્ષની સંપુર્ણ અસર અર્થતંત્રમાં ફિલ્ટર થવાનું શરૂ થાય તે પહેલાં જ ઘરો દબાણ હેઠળ રહ્ય હતા. જ્યારે મોટા ભાગના એશિયન બજારો ઉંચા બંધ થયા હતા.

જ્યારે ચાઈનીઝ બજારો અપેક્ષિત કરતા મજબૂત બિઝનેસ એક્ટિવિટી ડેટા દ્વારા ઉત્સાહિત થયા હતા, જ્યારે ટેકનોલોજી શેરોમાં મજબૂતા લાભો બીજા કવાર્ટર માટે પ્રાદેશિક બોર્સને ટ્રેક પર મુકે છે.

સેન્સેક્સ	-249.70	76478.67
નિફ્ટી	-80.50	23865.755
બેન્ક નિફ્ટી	-184.45	57542.90

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મારૂતિ સુઝુકી	5.24	14115.00
ટાઇટન કંપની	2.96	4404.00
અદાણી એન્ટર	2.48	3036.00
બજાજ ફાઇનાન્સ	2.31	1004.75
ટીએમપીવી	2.07	352.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇસર મોટર	4.75	7073.50
ઇન્ફોસીસ	3.50	1000.40
ટાટા કન્ઝ્યુમર	3.34	1075.60
ટીસીએસ	3.17	2031.50
વિપ્રો	2.90	170.39

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મારૂતિ સુઝુકી	5.14	14119.75
ટાઇટન કંપની	2.93	4405.30
બજાજ ફાઇનાન્સ	2.22	1004.75
ઇટર્નલ	2.06	264.65
અદાણી પોર્ટસ	1.89	1810.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	3.49	1000.60
ટીસીએસ	3.00	2034.05
એચસીએલ ટેકનો	2.82	1072.00
ટેક મહિન્દ્રા	2.08	1405.20
આઇટીસી	1.31	287.00

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 1.11 ટકા, કેક 0.52 ટકા અને ડેક્સ 1.61 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 1.33 ટકા, તાઈવાન 2.44 ટકા, કોસ્પી 0.97 ટકા, શાંઘાઈ 0.50 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.74 ટકા, હેંગસેંગ 0.64 ટકા અને જકાર્તા 3.15 ટકા ઘટ્યા હતા.

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૫૦૦
એમ-30	૪૪૫૦
એસ-30	૪૪૦૦
ગુજરાત	
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦

યાર્ન બજાર સુરત — નરેશ / મુકેશ ઘીવાળા

(GST સાથેના ભાવ) — ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ”	૧૩૩.૫	-----	---
30/૨૪ બ્રાઇટ	૨૬૮	૫૦/૩૬ ”	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
30/૩૬ એફડી	૨૭૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૧
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૪	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૦	30/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૨	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૬
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૦	૧૦૦ ટેક્ષ	૧૩૯	૬૮ ક્રિમ્પ	૧૪૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૮	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૨
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૯	૮૦/૭૨ રોટો	૧૪૩	૭૫ ક્રિમ્પ	૧૪૧
30/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૩૯
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	30/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ”	૧૪૪	30/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

વોડાફોન આઈડિયાએ એમટીકે ક્વોન્ટમમાં 26 ટકા હિસ્સો ખરીદ્યો

નવી દિલ્હી, તા. 30: વોડાફોન આઈડિયાના રોકાણકારો માટે સમાચાર આવી રહ્યા છે. જેમાં કંપનીએ એક્સચેન્જ ફાઈલીંગમાં માહિતી આપી છે કે તેણે એમટીકે ક્વોન્ટમમાં 26 ટકા હિસ્સો ખરીદ્યો છે. આ માટે તેણે એમટીએક ક્વોન્ટમમાં રૂ. 4.33 કરોડનું રોકાણ કર્યુ છે. વોડાફોન આઈડિયાનો શેરનો ભાવ 0.21 ટકા વધીને રૂ. 14.45નો ભાવ બોલાયો હતો. આજે નિફ્ટી મંથલી એક્સપાયરી હોવાના કારણે પણ વોલેટાલિટી જોવા મળી હતી. જોકે, આવતીકાલે શેર પર વધઘટ જોવા મળશે. વોડાફોન આઈડિયાએ એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, આ 20 મે, 2026ના રોજ અમારી નોટિસના સંબંધમાં છે, જેમાં એમટીકે ક્વોન્ટમ ગ્રીન એનર્જી પ્રાઈવેટ લિમિટેડમાં 26 ટકા હિસ્સો ખરીદવાનો જણાવવામાં આવ્યો હતો. એમટીકે ક્વોન્ટમ કેપ્ટિવ પાવર પ્લાન્ટની માલિકી અને સંચાલન માટે સ્પેશિયલ પર્પઝ વ્હીકલ તરીકે બનાવવામાં આવ્યું હતું. આ માટે શેરહોલ્ડર કરાર અને વીજ ખરીદીના કરાર કરવામાં આવ્યા હતા.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૫૮૦૦
તેજાબી સોનું	૧૪૫૭૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૫૧૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૨૮૮૦
સોનાનાં બિસ્કીટ	૧૪૫૮૦૦૦
ચાંદી (૯૯૯)	૨૩૨૫૦૦
ચાંદી સિક્કા	૨૩૪૦૦૦

સુડોકુ

			૧	૯	૬			
૨		૧				૫		
	૪	૬		૮			૧	૩
	૭	૫	૮	૧	૩	૯		૨
	૧	૪		૨	૯		૮	
૮	૨		૬			૩		
૭	૯		૫			૮	૩	
૪	૫		૯	૩	૨			૭
૧	૬		૪		૮			૯

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

પેટમાં કૃમિ

રોજ સવારે ખાલી પેટે ચાર કળી લસણની વાટી, ગોળ સાથે ભેળવી હુંફાળા પાણીમાં ગળી જવું અથવા ગાર્લિક પર્લ બે ગળી જવી.

શબ્દગુંફન - ૭૨૩૧ — અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. એક અટક (૫)
૪. ઉદાસ, ખિન્ન (૪)
૬. નદી, સરિતા (૩)
૭. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૯. અક્કલ (૨)
૧૧. મોટું (૨)
૧૨. રાત્રિ (૨)
૧૩. ઉંમર (૨)
૧૪. ટેવ, વ્યસન (૨)
૧૫. રોજગાર (૨)
૧૬. શરીર, દેહ (૨)
૧૭. ક્રોધ (૨)
૧૯. પહેરવેશ (૩)
૨૧. ભપકો, રોફ (૩)
૨૩. ચાલ, ઝડપ (૨)
૨૪. અંકુશ (૩)
૨૬. સિંહ (૪)
૨૮. સરદાર, આગેવાન (૩)
૩૦. હેતુ, મુરાદ (૪)
૩૧. શોધ, તપાસ (૩)

ઊભી ચાવી

૧. દોલત (૨)
૨. આયનો, દર્પણ (૩)
૩. આંખની કીકી (૩)
૪. ઈશ્વર કૃપા (૪)
૫. ગાયન (૨)
૭. પ્રેમની લાગણી (૪)
૮. આપનાર (૨)
૧૦. અભિપ્રાય (૨)
૧૨. ખુશ, પ્રસન્ન (૩)
૧૩. જંગલ (૨)
૧૬. લાગ, પ્રસંગ (૨)
૧૭. કુમળું (૩)
૧૮. કાળજી (૨)
૨૦. શિક્ષા, રાજ્ય (૩)
૨૧. તિથિ, તારીખ (૨)
૨૨. શ્વાસ (૨)
૨૩. હાથી (૨)
૨૫. ગાનારો, ગવૈયો (૩)
૨૬. વેચાણનું નાણું (૩)
૨૭. ઘોડાવાળો, શૂરવીર (૩)
૨૮. અવાજ (૨)
૨૯. પોશાક, શણગાર (૨)



આજનું પંચાંગ

તા. 01/07/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: વદ: એકમ: 07:39 પછી બીજ
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 10
યોગ : ઐન્દ્ર **કરણ:** તૈતિલ
નક્ષત્ર : પૂ.ષા:- 06:52 પછી ઊ.ષા.
રાશિ : ધન (ભ,ધ,ફ,ઢ) 13:33 પછી મકર (ખ,જ)
દિવસ : શુભ- ગુરુ હરગોવિંદ સિંહ જયંતી- કાશમીર
સુરતમાં સૂર્યોદય : 06:02 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
નવકારસી : 06:50
પારસી વર્ષ : 1395 બહમન માસનો 21મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 15મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુકાળ: બપોરે:- 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): પ્રવાસમાં મિલન-મુલાકાતથી આનંદ થાય. હાથ પરના કામ પાર પડે. બૌદ્ધિક કાર્યમાં યશ મળે.

વૃષભ (બ,વ,ઉ,): કિંમતી વસ્તુનું ધ્યાન રાખવું. વડીલોનો સાથ મળશે. આરોગ્ય નરમ રહે. કામનો બોજ વધશે. પ્રવાસ થાય.

મિથુન (ક,છ,ઘ,): દાંપત્ય જીવનમાં તાલમેળ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સામાજિક કાર્યમાં યશ મળે.

કર્ક (ડ,હ,): લેવડ-દેવડમાં સાવધાની રાખવી. સોંપેલા કામને સારી રીતે કરવાની કોશિશ કરવી. વિવાદથી દૂર રહેવું.

સિંહ (મ,ટ,): પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે.

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

વિદ્યાર્થીઓને મદદથી લાભ થાય. સંતાનોના કામમાં મદદ મળે.

કન્યા (પ,ઠ,ણ,): આજીવિકામાં નવા ફેરફારથી લાભ થાય. સમાજમાં માન વધે. નોકરીમાં નવી તક ઊભી થાય.

તુલા (ર,ત,): પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. કોઈ જોખમ ઉઠાવવું નહીં.

વૃશ્ચિક (ન,ય,): વાણી પર કાબૂ રાખવો. મહેનતનું ફળ મળશે. ઉત્સાહજનક સમાચાર મળે. બૌદ્ધિક કામમાં સફળતા મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): કોઈની વાતોમાં આવીને રોકાણ કરવું નહી. નોકરીમાં નવી તક ઊભી થાય. જાત મહેનતથી સફળતા મળે.

મકર (ખ,જ,): કોર્ટ-કચેરીમાં ધીરજ રાખવી. પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું. ખાવા-પીવામાં સાવધાની રાખવી પડશે.

કુંભ (ગ,સ,શ,ષ,): ઉઘરાણી આવે. નવા રોકાણથી લાભ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. ખર્ચા વધે.

મીન (દ,ચ,ઝ,થ,): વેપાર-ધંધામાં નવી યોજના પાર પડશે. જાહેર જીવનમાં યશ મળે. અચાનક સફળતા મળે.

કોઈ પણ સાલમાં 01 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવાં વેપાર-ધંધાનું આયોજન થાય. સમાજમાં માન વધે. નોકરી-ધંધામાં નવા ફેરફાર અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવાથી નવું શિખવા મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. નવાં ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતના સમયમાં પાર પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. કાયદાકીય ગૂંચનો નિકાલ થાય. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદેશનો કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો-વડીલોનો સાથ મળે. હરીફોથી સાવધાન રહેવું. આરોગ્ય નરમ-ગરમ રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ, રવિવાર, સોમવાર, 01,10,20 તારીખે નવા કામ કરવાં. સોનેરી- ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. નવેમ્બર- ડિસેમ્બર, શુક્ર-શનિવાર, 07, 16, 25 તારીખે નવાં કામ ટાળવાં, શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય દેવના ઉપાય કરતા રહેવું.

વરસાદની ખાધ વધતા ખરીફ વાવણીમાં 22 ટકાથી વધુનો ઘટાડો

વરસાદની ૪૩% ખાધ અને જળાશયોના તળિયા દેખાતા કપાસ, ચોખા અને તેલીબિયાંના વાવેતરને ફટકો

મુંબઈ, તા. 30: શમાં ચોમાસાની અસમાન પ્રગતિ અને વરસાદની વધતી ખાધને કારણે ખરીફ પાકની વાવણી પર ગંભીર અસર પડી છે. ૨૯ જૂન સુધીમાં વરસાદની ખાધ ૪૩% ની ઊંચી સપાટીએ પહોંચી છે, જેના લીધે દેશના ૨૯% ભાગમાં ભારે અછત વર્તાઈ રહી છે. આ નબળા ચોમાસા અને જળાશયોના નીચા સ્તરને કારણે ૨૫ જૂન સુધીમાં દેશમાં ખરીફ વાવણી ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીએ ૨૨.૭% ઘટી ગઈ છે.

ચાલુ વર્ષે ખરીફ પાક હેઠળનો કુલ વિસ્તાર ઘટીને ૧૮૨.૭૨ લાખ હેક્ટર રહ્યો છે, જે ગયા વર્ષે ૨૩૬.૪૬ લાખ હેક્ટર હતો. આમ, સીધો ૫૩.૭૪ લાખ હેક્ટરનો મોટો ઘટાડો નોંધાયો છે. જો જુલાઈમાં પણ વરસાદ નબળો રહેશે, તો પાક ઉત્પાદન ઘટવાની સાથે ગ્રામીણ આવક અને ખાદ્ય ફુગાવો (ખાસ કરીને કઠોળ અને ખાદ્ય તેલ) વધવાની ચિંતા છે.

મુખ્ય પાકોની સ્થિતિ અને જળાશયોનું સંકટ

પાક વાવેતરમાં મોટું ગાબડું: સૌથી વધુ તેલીબિયાંનું વાવેતર ૧૯.૪૨ લાખ હેક્ટર ઘટ્યું છે, જેમાં સોયાબીન અને મગફળીને મોટો ફટકો પડ્યો છે. આ સિવાય કપાસનું વાવેતર ૧૫.૭૦ લાખ હેક્ટર અને ચોખા (ડાંગર) નું વાવેતર ૮.૬૫ લાખ હેક્ટર ઘટ્યું છે. કઠોળમાં તુવેર અને અડદના વાવેતરને પણ અસર થઈ છે.

જળાશયોની ચિંતાજનક સ્થિતિ: દેશના ૧૬૬ મુખ્ય જળાશયોમાં પાણીનો સંગ્રહ ક્ષમતાના માત્ર ૨૬.૪% જ છે, જે ગયા વર્ષે ૩૯% હતો. ખાસ કરીને ખરીફ ખેતી માટે મહત્વના ગણાતા દક્ષિણ ભારતમાં સ્થિતિ વધુ ગંભીર છે. કર્ણાટકના જળાશયો માત્ર ૧૪.૭% અને તમિલનાડુના ૩૪.૩% જ ભરાયા છે, જેના કારણે સિંચાઈ આધારિત ખેતી હવે સંપૂર્ણપણે વરસાદ પર નિર્ભર બની ગઈ છે.

ભારતીયોએ ૩ મહિનામાં ૫૦ ટન જૂનું સોનું વેચી માર્યું

સોનાના ભાવ વધુ ઘટવાના ભયે ભારતીયો જૂના ઘરેણા વેચી રહ્યા છે

નવી દિલ્હી, તા. ૩૦: તાજેતરમાં સોનું પ્રતિ ૧૦ ગ્રામ આશરે ૧.૪ લાખની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે અને બજારમાં એવી અપેક્ષાઓ છે કે કિંમતો ઘટીને ૧.૨ લાખની આસપાસ આવી શકે છે. આથી પરિવારો જૂના દાગીનાને સાચવી રાખવાને બદલે તેને વેચીને પૈસા ઊભા કરવાનું પસંદ કરી રહ્યા છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) ના જણાવ્યા અનુસાર, એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન ભારતીય પરિવારોએ અંદાજે ૫૦ ટન જૂનું સોનું વેચ્યું હતું, જે ગયા વર્ષની સરખામણીએ ૪૩% નો ઉછાળો દર્શાવે છે, કારણ કે ઘણા લોકો નફો મેળવવા (પ્રોફિટ બુક કરવા) દોડી ગયા હતા. IBJAના નેશનલ સેક્રેટરી સુરેન્દ્ર મહેતાએને જણાવ્યું કે, ભારતીય ગ્રાહકો સોનાના ઊંચા ભાવોનો લાભ ઉઠાવીને હાથ પર રોકડ મેળવી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે ભાવમાં વધુ ઘટાડો થવાના ડરથી ઘણા પરિવારો પોતાનું સોનું વેચવા અને નફો રોકડો કરવા માટે પ્રેરિત થઈ રહ્યા છે. સોનું વેચવાનો આ ટ્રેન્ડ એવા સમયે આવ્યો છે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ સોનાના ભાવ દબાણ હેઠળ છે.

અમેરિકા અને ઈરાન વચ્ચેના નવેસરના તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા છે, જ્યારે યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધુ વધારો થવાની આશંકાઓને કારણે સોમવારે સ્પોટ ગોલ્ડના ભાવમાં ઘટાડો થયો હતો. સામાન્ય રીતે ઊંચા વ્યાજદર સોનાના આકર્ષણને ઘટાડે છે કારણ કે સોના પર કોઈ નિશ્ચિત વળતર મળતું નથી, જેના કારણે રોકાણકારો વ્યાજ આપતી અસ્કયામતો તરફ વળે છે.

જૂના સોનાના વેચાણમાં આવેલા આ ઉછાળાથી ભારતના સંગઠિત ગોલ્ડ રિસાયકલિંગ ઉદ્યોગને પણ ફાયદો થઈ રહ્યો છે. લોકર્સમાં નકામું પડી રહેવાને બદલે, જૂની જ્વેલરી ઔપચારિક અર્થતંત્રમાં પાછી આવી રહી છે, જેને ઓગાળીને શુદ્ધ સોનામાં રૂપાંતરિત કરવામાં આવે છે અને જ્વેલરી ઉત્પાદકોને સપ્લાય કરવામાં આવે છે. મુથૂટ એક્ઝિમે તેના ૧૦૦થી વધુ 'ગોલ્ડ પોઈન્ટ્સ'ના નેટવર્ક પર જૂના સોનાના વોલ્યુમમાં ૪૦% નો વધારો નોંધાવ્યો છે.

વારી એનર્જીઝ પર ૨૭૧% એન્ટી-ડમ્પિંગ ડ્યુટીની તલવાર

JM ફાઇનાન્સિયલે ટાર્ગેટ પ્રાઇસ ઘટાડી

US કસ્ટમ્સનો દાવો- કંપનીએ સોલર સેલ્સની આયાતમાં નિયમો તોડ્યા; રૂ.૫૩,૦૦૦ કરોડની ઓર્ડર બુક પર જોખમ

નવી દિલ્હી, તા. 30: યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેકશને તેના અંતિમ તપાસ અહેવાલમાં કહ્યું છે કે વારી એનર્જીઝે 2021 અને 2026ની વચ્ચે વિયેટનામ અને મલેશિયાથી આવતા સોલર સેલ્સ પરના ટેરિફને ટાળવાનો પ્રયાસ કર્યો હતો.

સીબીપીનું કહેવું છે કે કંપનીએ ચાર વર્ષ સુધી દેશના મુળ દેશ વિશે ખોટી માહિતી આપી હતી. જેએમ ફાઈનાન્સીયલનું માનવું છે કે આ કંપનીની ક્રેડિટ યોગ્યતાને અસર કરી શકે છે.

સીબીપીના નિર્ણય પછી, નિયમોને ટાળવા માટે માનવામાં આવતી આયાતોને 271.28 ટકા સુધીની એન્ટી ડમ્પીગ ડયુટી માટે રોકડ ડિપોઝીટ ચુકવવી પડશે. જે 2025માં શરૂ થઈ હતી. ફરિયાદમાં જણાવાયું છે કે, વારી એનર્જીઝે ચીનથી સોલર સેલની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ પછી ભારતથી અમેરિકા મોકલવામાં આવેલા ક્રિસ્ટલાઈન સિલિકોન ફોટોવોલ્ટેઈક મોડ્યુલોની નિકાસમાં પણ ઝડપથી વધારો થયો છે. 2021 અને 2023ની વચ્ચે ભારતથી યુએસમાં સીએસપીવી મોડ્યુલ્સની આયાતમાં 2250 ટકાથી વધુનો વધારો થયો છે. જેએમ ફાઈનાન્સીયલના જણાવ્યા અનુસાર વારી એનર્જીઝની ઓર્ડર બુકની કિંમત રૂ. 53000 કરોડ રૂપિયા છે. તેમાંથી 65થઈ 70 ટકા વિદેશી ગ્રાહકોના લાંબા ગાળાના કરાર સાથે જોડાયેલ છે. બ્રોકરેજનું માનવું છે કે આ નિર્ણય કંપનીની ક્રેડિટ યોગ્યતાને અસર કરી શકે છે.

જાપાની કંપનીએ JSW સ્ટીલની અન્ય કંપનીમાં રૂપિયા 7875 કરોડ ઠાલવ્યા

જેએસડબલ્યુ જેઇએફઇ કલિંગામાં 25 ટકાની વધારાની હિસ્સેદારી ખરીદી

મુંબઈ, તા. 30: સ્ટીલ કંપની જેએફઈ સ્ટીલ કોર્પોરેશને જેએસડબ્લ્યુ જેએફઈ કલિંગામાં વધારાના 25 ટકા હિસ્સો 7875 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. સ્ટોક એક્સચેન્જને આપવામાં આવેલી માહિતીમાં જેએસડબ્લ્યુ સ્ટીલે જણાવ્યું હતું કે આ સોદો પૂર્ણ થઈ ગયો છે. આ સાથે જેએસડબ્લ્યુ જેએફઈ કલિંગામાં જેએફઈનો હિસ્સો વધીને 50 ટકા થઈ ગયો છે.

સ્ટીલ કંપની જેએફઈ સ્ટીલ કોર્પોરેશને જેએસડબ્લ્યુ જેએફઈ કલિંગામાં વધારાનો 25 ટકા હિસ્સો 7875 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. જેથી હિસ્સો 50 ટકા થઈ ગયો છે. જેએસડબ્લ્યુ સ્ટીલે અહેવાલ આપ્યો છે કે 30 માર્ચ, 2026ના રોજ, તેણે માહિતી આપી હતી કે જેએફઈ સ્ટીલે રોકાણના પ્રથમ તબક્કા હેઠળ જેએફઈ કલિંગા સ્ટીલ લિમિટેડમાં રૂપિયા 7875 કરોડનું રોકાણ કર્યું છે. જેએસડબ્લ્યુ સ્ટીલે એ પણ અહેવાલ આપ્યો હતો કે 3 ડિસેમ્બર, 2025ના સંયુક્ત સાહસ કરાર હેઠળ કરવામાં આવેલા રોકાણો અને જેએસડબ્લ્યુ જેએફઈ કલિંગના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ફેરફાર પછી, કંપની અને જેએફઈએ જેએસડબ્લ્યુ જેએફઈ કલિંગા અને તેની સંપૂર્ણ પોતાની પેટા કંપની, જેએસડબ્લ્યુ જેએફઈ સ્ટીલ પર સંયુક્ત નિયંત્રણ બનાવ્યું હતું.

સરકારે સતત નવમા ત્રિમાસિકમાં નાની બચત યોજનાઓના વ્યાજ દરો યથાવત રાખ્યા

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઈ): સરકારે મંગળવારે પીપીએફ અને એનએસસી સહિતની વિવિધ નાની બચત યોજનાઓ પરના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી.

1 જુલાઈ, 2026થી શરૂ થતા સતત નવમી ત્રિમાસિક માટે આ વ્યાજ દરો યથાવત રાખવામાં આવ્યા છે. નાણા મંત્રાલયે એક જાહેરનામામાં જણાવ્યું છે કે, નાણાકીય વર્ષ 2026-27ની બીજી ત્રિમાસિક માટે, જે 1 જુલાઈ, 2026થી શરૂ થઈને 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂર્ણ થાય છે, તેના વ્યાજ દરો નાણાકીય વર્ષ 2026-27ની પ્રથમ ત્રિમાસિક (1 એપ્રિલ, 2026થી 30 જૂન, 2026) માટે જાહેર કરાયેલા દરો જેટલા જ રહેશે.

જાહેરનામા અનુસાર, વિવિધ લોકપ્રિય યોજનાઓના વ્યાજ દરો નીચે મુજબ રહેશે:

- સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળની થાપણો પર 8.2 ટકા વ્યાજ દર મળશે.
- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ પર જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર માટે વ્યાજ દર 7.7 ટકા રહેશે.
- કિસાન વિકાસ પત્ર પર વ્યાજ દર 7.5 ટકા રહેશે અને આ રોકાણ 115 મહિનામાં પાકશે.
- મંથલી ઈન્કમ સ્કીમમાં રોકાણકારોને આ બીજા ક્વાર્ટરમાં પણ 7.4 ટકા વ્યાજ મળશે.
- પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) પર 7.1 ટકા અને ત્રણ વર્ષની ટર્મ ડિપોઝિટ પર પણ 7.1 ટકા વ્યાજ દર જાળવી રાખવામાં આવ્યો છે.